# ઈન્ટરનેટની છેતરામણી વાતો (**Scams**)

લેખક : જયંતીભાઈ પટેલ

## ૧. પીરામીડ યોજનાઓ **(pyramid scams):-**

પોન્ઝી સ્કીમ :- ૧૯૧૯માં ચાર્લ્સ નામના એક માણસને વિચાર આવ્યો કે ભેજુ લડાવીએ તો ધનિક થઈ જવાનું અઘરું નથી. એક વખત એણે સ્પેનમાં કોઈને ટપાલ લખી ને પેલાએ એના જવાબમાં ટપાલ લખી તેની સાથે જવાબ લખવા માટે એક કૂપન મોકલી. ચાર્લ્સ એ કૂપન લઈને પોસ્ટ ઓફિસમાં ગયો તો એમણે એને એના બદલામાં એકએક સેન્ટની અમેરિકન પોસ્ટની છ ટિકીટો આપી. સ્પેનની એ કૂપનની કિંમત એક અમેરિકન સેન્ટ જેટલી થવા જતી હતી. એને થયું કે સ્પેનમાંથી કૂપનો ખરીદીને અમેરિકામાં વટાવવામાં ખર્ચ જતાંય ૪૦૦ ટકાનો ફાયદો થાય તેમ છે. પણ તેને એમાં બહુ રસ પડ્યો નહીં કારણ કે એમાં જફા ઘણી હતી અને કમાણી જફના પ્રમાણમાં ઓછી હતી.

આ પછી એણે એક છેતરામણી સ્કીમ શરૂ કરી જે એના નામ પરથી પાછળથી 'પોન્ઝી સ્કીમ' તરીકે કુખ્યાત થઈ. આ સ્કીમ જુદાં જુદાં મગજમાંથી પસાર થઈને કાયદો જેને (scam) ન ગણી શકે એવા એક ફોર્મમાં બહુ પ્રચાર પામી તેની હું આપને વિગતે માહિતી આપવા માગું છું. આના પહેલાંના ઘણા આવા તુક્કાઓ બહાર આવ્યા હતા પણ સરકારના ધ્યાન પર વાત આવતાં એ બધા સ્કેમના લેબલ નીચે બંધ કરાવી દેવામાં આવ્યા હતા. અને આના સુત્રધારોને દંડ અને જેલની સજાઓ પણ કરવામાં આવી હતી.

આજે આપણે વાત કરીશું બહુ સ્તરીય વેચાણ યોજના (MLM) વિષે. ઈન્ટરનેટનું માધ્યમ હાથવગું અને સસ્તું થયા પછી આવાં સ્કેમોને માટે જાણે મોકળું મેદાન જ મળી ગયું છે. વળી કાયદાની છટકબારીઓ પણ આ સ્કેમને જાણે સાથ આપી રહી હોય એમ લાગે છે.

આમાં સામાન્ય રીતે પાંચ સ્તર રાખવામાં આવે છે. તમે એમાં દાખલ થાવ ત્યારે તમારે જુદી જુદી વ્યક્તિયો પાસેથી એકએક એવા કુલ પાંચ ઈલેક્ટ્રોનિક લેખ કે પુસ્તકો ખરીદવાનાં હોય છે (આપણે તેને આર્ટીકલ કહીશું). સમજો કે દરેકની કિંમત રૂપિયા પચીસ છે. તો તમારે કુલ એકસો પચીસ રૂપિયાનું રોકાણ થશે. આ ખરીદીની સાથે તમને જે સાહિત્ય મળશે તેમાં પાંચ નામોની એક ઈમેઈલ હશે જેમાં તમારું નામ પહેલા નંબર પર તમારે લખવાનું અને બાકીનાં બધાં નામ એક નંબર આગળ વધારવાનાં. છેવટનું પાંચમા નંબરનું નામ કાઢી નાખવાનું. તમે પહેલા નંબરે દાખલ થયા એની સામે પાંચમો નંબર રીટાયર થયો.

સાથે એક એવો ઈમેઈલ લેટર હશે કે જેનાથી તમારી આ યોજનામાં જોડાવા તમે બીજાને આકર્ષી શકો. તમે જેમ મુડાયા છો એમ બીજાને મુડવા માટે તમારે જેટલા ઓળખીતા હોય તેમે આ પત્ર ઈમેઈલ કરશો. સમજો કે તમે આવા પાંચસો ઈમેઈલ કરો છો અને તમને આમાંથી માત્ર પાંચ જણના ઓર્ડર મળે છે. આ પાંચેય જણ ઈમેઈલમાં જણાવેલા પાંચ માણસો પાસેથી એકએક આર્ટીલ ખરીદશે.તમારું નામ પહેલા નંબરે છે એટલે એ પાંચેય જણા તમારી પાસેથી આર્ટીકલ નંબર એક ખરીદશે અને તમારી પાસે એકસો પચીસ રૂપિયા આવશે. અને તમે આર્ટીકલ નંબર એક અને બધું જરૂરી સાહિત્ય મોકલી આપો છો. અને તમારું નામ બીજા નંબરે પહોંચે છે.

હવે સમજો કે એ પાંચેય જણા પોતાના જાણીતા એવા પાંચસોથી એકએક હજાર જણાને ઈમેઈલ કરે છે અને તેમને પચીસ ગ્રાહકો મળે છે. આ લોકો તમારી પાસેથી પચીસ બે નંબરના આર્ટીકલ ખરીદે છે, કારણ કે તમારું નામ હવે બીજા નંબર પર છે. ને તમારી પાસે છસો પચીસ રૂપિયા આવે છે ને તમારું નામ ત્રીજા નંબરે પહોંચે છે.

સમજો કે આ પચીસેય અથવા એમાંના મોટા ભાગના લોકો સક્રિય હોય છે ને એ બધા પણ પાંચ પાંચ નવા સભ્યો બનાવે છે. તમારી પાસે હવે ત્રણ નંબરના આર્ટીકલ માટે એકસો પચીસ ઓર્ડર આવશે અને ત્રણ હજાર એકસો પચીસ રૂપિયા ગજવામાં મૂકી તમે ચોથા સ્થાન ઉપર પહોચો છો.

ત્યાં તમને આ પ્રમાણે જ ગણતાં છસો પચીસ ઓર્ડર મળે છે. તમારી પાસે આર્ટીકલ ચારના રૂપિયા પંદર હજાર છસો પચીસ રૂપિયા આવશે અને તમે નંબર પાંચ પર પહોંચશો.

જો આ છસો પચીસમાંના લોકો દરેક સરાસરી પાંચ નવા ગ્રાહકો કરશે તો તમારી પાસે ત્રણ હજાર એકસો પચીસ ઓર્ડર આવશે અને તમને હજાર છસો પચીસ રૂપિયા મળશે. આ તબક્કે તમે રમતમાંથી બહાર થઈ જશો.

હવે તમે આખી રમતનો સરવાળો માંડો છો.

તમને

| | |
|---|---|
| પહેલા સ્થાનેથી | ૧૨૫-૦૦ |
| બીજા સ્થાનેથી | ૬૨૫-૦૦ |

| | |
|---|---|
| ત્રીજા સ્થાનેથી | ૩૧૨૫-૦૦ |
| ચોથા સ્થાનેથી | ૧૫,૬૨૫-૦૦ |
| પાંચમા સ્થાનેથી | ૭૮,૧૨૫-૦૦ |
| કુલ | ૯૪,૬૨૫-૦૦ |

આમાં કાયદેસરનો કોઈ ગુનો થતો નથી એમ મોટા ભાગના દેશના કાયદા માને છે. કારણ કે તમે આર્ટીકલ વેચો છો. ને તમારા પછીના સબડીલરો પણ એ વેચીને જ કમાણી કરે છે. છતાં આ સ્કીમ એક પ્રકારની છેતરામણી જ છે. તમે વિચાર કરો કે તમારા ફક્ત એકસો પચીસ રૂપિયાના રોકાણથી તમે એકાદબે મહિનામાં ચોરાણું હજાર જેવી માતબર કમાણી કેવી રીતે કરો છો?

તમારી કમાણીના પૈસા આવે છે કયાંથી? આ સ્કીમ કયાં સુધી ચાલી શકે? ધારો કે તમે નીકળી ગયા પછી પેલા સભ્યોમાંથી ૩,૦૦૦ સભ્યો ૧૫,૦૦૦ નવા સભ્યો બનાવે છે. એ છ નંબરનું પગથિયું છે ને એમાં તમે બનાવેલા પહેલા પાંચ સભ્યો જ પાંચમા સ્થાને છે.

પછીના સતમા સ્થાને જો દરેક જણ પાંચ સભ્યો બનાવી શકશે તો ૭૫,૦૦૦ સભ્યો બનશે.

આઠમા પગથિયે ૩,૭૫,૦૦૦ સભ્યો બનશે.

નવમા સ્થાને ૧૮,૭૫,૦૦૦ સભ્યો હશે

દસમા સ્થાને ૯૩,૭૫,૦૦૦ સભ્યો હશે

આ સ્કીમ જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ તેમાંથી નીકળી જનાર સભ્યો વધતા જાય છે કારણ કે તેઓ નવા સભ્યો બનાવી શકતા નથી. એક વખત એવો આવે છે કે જેને પૂછો તે સભ્ય થયેલો હોય છે. જો આ સ્કીમ પંદર પગથિયાં સુધી પહોંચે તો પૃથ્વી પરની કુલ વસ્તિ કરતાંય વધારે સભ્યો બનાવવા પડે.

આમાં જે લોકો શરૂઆતના બેત્રણ મહિનામાં જોડાય છે અને ઝડપથી પ્રચાર કરે છે એવા ગણ્યાગાંઠ્યા માણસો કમાય છે ને છેવટના લાખો લોકો પૈસા ગુમાવે છે. એટલે કેટલાક સજાગ દેશના કાયદા આને સ્કેમ ગણે છે.

આજથી પંચાવન વરસ પહેલાં આપણા એક ગુજરાતી ભાઈએ ગુજરાતમાં આવું એક સ્કેમ શરૂ કર્યું હતું.

તમને આ સ્કેમમાં જોડાયેલો દોસ્ત મળી જાય અને મફત ઘડિયાળ મેળવવાના આ સ્કેમમાં સભ્ય બાનાવે એટલે તમારું નામ કંપનીમાં પહોંચતાં જ તમારા પર અગિયાર પહોચવાળી એક પાવતીબુક ટપાલમાં આવી જાય. તમારે અગિયાર સભ્યો બનાવી તેમનાં નામ સરનામા સાથે પચાસ રૂપિયા કંપનીમાં મોકલી આપવાના ને તમે રોકેલા પાંચ રૂપિયા રાખી લેવાના. ને તમને ટપાલમાં કાંડા ઘડિયાળ મળી જાય. તે વખતે પચાસ રૂપિયા મોટી રકમ હતી પણ મફતની લાલચ પણ એવી જ હતી ને!

આમારા ગામમાં એનો એટલો બધો પ્રચાર થયો કે બે જ મહિના પછી કેટલાક એમાંથી પૈસા ગુમાવીને છટકી ગયા તો કેટલાકે બેચાર સભ્યોથી આગળ ન વધી શકાતાં ખૂટતા સભ્યોનાં જેનાં તેનાં નામ લખી બાકીના પૈસા ખિસ્સામાંથી ભરીને ઘડિયાળ મંગાવી લીધેલાં. આમ કરીને એ કંપનીએ પાંત્રીસ રૂપિયાનાં ઘડિયાળ પચાસ રૂપિયામાં વેચી ધંધો કરી લીધેલો.

લેખકના પરિચય માટે અહીં કલીક કરો.

આવા ઉપયોગી અન્ય લેખો વાંચવા કે તમારી વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવા માટે અહીં કલીક કરો.

નિયમો માટે અહીં કલીક કરો.